## -:: આંક – ૧ અન્વયે હુકમ ::-

**ફોજદારી કેસ નંબર :- ૧૪૪૩/૨૦૨૫**

***-:: હુકમ ::-***

**૧)** સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટુકમાં હકીકત એવી છે કે, સદર કામના ફરીયાદી દ્વારા હાલના આરોપીઓ સામે ધી કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) એકટ અને કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) નીયમો ના નીયમ – ૨૧(૧) સાથે વાચતા કલમ - ૧૩(૧), નીયમ - ૭૧, ના ભંગ અન્વયે ધી કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) એકટ ની કલમ ૨૩/૨૪ હેઠળ શીક્ષાને પાત્ર ગુના સદર્ભે ની ધોરણસર ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતાં આરોપીઓ ને તે સદર્ભે સમન્સ ઇશ્યુ કરવામાં આવેલ. આરોપી ને સમન્સ બજી જતા આરોપી સદર કામે હાજર થયેલ હોય અને આરોપી દ્વારા ગુના ની કબુલાત પુરશીસ રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છાએ અને રાજી-ખુશીથી પોતાનો ગુનો કબુલ છે, તેમજ ભવીષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને રહેમ રાખી ઓછામાં ઓછી શીક્ષા કરવા અરજ કરેલ છે.

**૨)** આરોપીઓ એ ગુના ની કબુલાત પુરશીસ રજુ કરતા આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વીરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતા આરોપી પોતાને ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, ત્યારબાદ આરોપી ની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમા પણ આરોપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે, આમ આરોપી સ્વૈચ્છીક રીતે પોતાનો ગુનો કબુલ કરતા હોવાનુ જણાય છે.

**૩)** ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત લક્ષમાં લેતાં તેમજ આરોપી/આરોપીઓ એ કરેલ રજુઆત મુજબ તેને પોતાના ગુના બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય અને અગાઉ કોઇ ગુનો ન કરેલા નુ આરોપી દ્વારા જણાવેલ હોય, આમ ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા આરોપીને શીક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શીક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે તેવુ અત્રેની કોર્ટનુ માનવુ છે. સવીશેષ નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વીરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. - ૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંત લક્ષમાં લેતાં, અને આરોપીઓ દ્વારા કરેલ કબુલાત ને લક્ષમાં લેતા હાલના આરોપી વીરુધ્ધ ગુનો સાબીત થયેલ છે, તેમજ તેની રજુઆત ને તથા ઉપરોકત હકીકતો લક્ષમાં લઇ ન્યાય ના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**૧)** સદર કામે આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ – ૨૭૫** અન્વયે કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) નીયમો ના **નીયમ – ૨૧(૧) સાથે વાચતા કલમ - ૧૩(૧), નીયમ - ૭૧,** ના ભંગ અન્વયે ધી કોન્ટ્રાકટ લેબર (નીયમન અને નાબુદી) એકટ ની કલમ ૨૩/૨૪ હેઠળ તકસીરવાન ઠરાવીને દરેક નીયમ/કલમ ના ભંગ બદલ દરેક **<u>આરોપી ને રૂપીયા ૧,૦૦૦/- (એક હજાર પુરા) લેખે કુલ રૂપીયા ૨,૦૦૦/- (બે હજાર પુરા) દંડ ની સજા ફરમાવુ છુ.</u>** અને જો દંડ ન ભરે તો દીન – ૧૦ ની સાદી કેસની સજા ભોગવવા નો આથી હુકમ કરવામાં આવે છે. આરોપી નંબર - ૧ વતી નંબર - ૨ નાએ દંડ ભરવો.

**૨) <u>આરોપીઓ એ કુલ રૂપીયા ૪,૦૦૦/- (ચાર હજાર પુરા) દંડ ભરવો</u>.**

**હુકમ આજરોજ તારીખ – ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ :- ૦૭/૦૩/૨૦૨૬**

**સુરત.**

**(હાર્દીક દીલીપભાઇ રાજપુરા)**
**એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**એન્ડ લેબર જજ, કોર્ટ નંબર - ૪**
**સુરત.**

**(CODE NO.GJ01291)**